For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પાણીમાં કલાકો સુધી ફાયરબ્રિગેડનું સર્ચ ઓપરેશન, સીગર સહિત બંને વિદ્યાર્થીઓના મૃતદેહ મળી જતાં અરેરાટી

# શેરખી-ભીમપુરા કેનાલમાં નહાવા પડેલા બે વિદ્યાર્થી ડૂબી જતાં મોત

**તાલુકા** પોલીસ દોડી આવી ,બંને બાળકોની લાશને પીએમ માટે ખસેડાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

શહેર નજીક શેરખી-ભીમપુરા કેનાલમાં ચાર વિદ્યાર્થીઓ પાણીમાં પડી જતાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક બે વિદ્યાર્થીઓને બહાર કાઢી લીધા હતા, જ્યારે અન્ય બે વિદ્યાર્થીઓ પાણીમાં લાપતા બનતાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. કલાકો સુધી ચાલેલા સર્ચ ઓપરેશનના અંતે બંને લાપતા વિદ્યાર્થીઓના મૃતદેહ કેનાલમાંથી મળી આવતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, શેરખી-ભીમપુરા કેનાલ પાસે ચાર વિદ્યાર્થીઓ પાણીમાં પડી ગયા હતા. બનાવની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બે વિદ્યાર્થીઓને પાણીમાંથી બહાર કાઢી લીધા હતા. જોકે, સગીર સહિત બે વિદ્યાર્થીઓ ઊંડા પાણીમાં તણાઈ જતાં તેમની કોઈ ભાળ મળી નહોતી.

બનાવની જાણ થતાં વડોદરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને લાપતા વિદ્યાર્થીઓની શોધખોળ શરૂ કરી હતી. ફાયરબ્રિગેડના જવાનો દ્વારા કેનાલમાં લાંબા સમય સુધી સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અંતે બંને લાપતા વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવતા ફાયરબ્રિગેડની ટીમે મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા.

ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો કેનાલ પાસે એકત્રિત થઈ ગયા હતા. બે વિદ્યાર્થીઓના મોતને પગલે પરિવારજનોમાં આક્રંદ ફેલાયો હતો. સમગ્ર બનાવ અંગે સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી છે.



### બે મિત્રોને તરતા આવડતું ન હતું

વડોદરા નજીક શેરખી-ભીમપુરા કેનાલમાં ચાર સગીર મિત્રો નાહવા ગયા હતા. હઠીપુરા ખાતે રહેતો પ્રિતેશ ચૌહાણ (ઉં.વ.17) અને માંજલપુરનો જાદવ આયુષ (ઉં.વ.19) પાણીમાં નાહવા પડ્યા હતા. પાણીના તેજ વહેણમાં બંને તણાઈ ગયા હતા અને પાણીમાં ગરકાવ થઈ જતા ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિકો અને તંત્રએ બંનેની શોધખોળ હાથ ધરી હતી. ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. જાણવા મળ્યા મુજબ બંને બાળકોને તરતા પણ આવડતું ન હતું.





### અન્ય બે બાળકો વોશરૂમ જતાં બચી ગયા

શેરખી-ભીમપુરા કેનાલ પાસે ચારેય સગીર મિત્રો નાહવા માટે ગયા હતા. નાહવા પડતા પહેલાં તમામે પોતાના કપડાં, બુટ, મોબાઈલ સહિતનો સામાન કેનાલ બહાર ઉતારીને મૂક્યો હતો. ત્યારબાદ પ્રિતેશ ચૌહાણ અને આયુષ જાદવ પાણીમાં પડતાં વહેણમાં તણાઈ ગયા હતા. બંને પાણીમાં ગરકાવ થતાં અન્ય બે મિત્રો ગભરાઈ ગયા હતા અને સ્થાનિકોને જાણ કરી હતી. ફાયર બ્રિગેડને જાણ થતાં ટીમે સ્થળે પહોંચી શોધખોળ કરી બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. બે મિત્રો વોશરૂમ જવા માટે ગયા હતા જેના કારણે પાણીમાં ઉતર્યા ન હોય બચી ગયા હતા.

### પ્રમોશન અને જોબ-ચાર્ટના પ્રશ્ને મહેસૂલી કર્મચારીઓનો હુંકાર, અનિશ્ચિત મુદતની હડતાળથી કામકાજ ઠપ

# ૧૪ પડતર માંગણીઓ સાથે મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર

**તલાટીથી** લઈને નાયબ મામલતદારો આંદોલનમાં જોડાયા

**દૈનિક** કામગીરી પ્રભાવિત થતાં અરજદારો મુશ્કેલીમાં

**આગામી** દિવસોમાં સંઘર્ષ ઉગ્ર બનવાના એંધાણ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૭

લાંબા સમયથી પડતર રહેલી વિવિધ માંગણીઓનું નિરાકરણ ન આવતા આખરે વડોદરા જિલ્લાના મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના આદેશ અનુસાર શરૂ થયેલા આ આંદોલનને કારણે વડોદરા કલેક્ટર કચેરી તેમજ સબ-ડિવિઝનલ અને મામલતદાર કચેરીઓની દૈનિક કામગીરી પર માઠી અસર પહોંચી છે. મોટાભાગના કર્મચારીઓ ફરજથી દૂર રહેતા કચેરીના વિવિધ વિભાગોમાં ભારે સન્નાટો અને સુમસામ વાતાવરણ જોવા મળ્યું હતું.

અગાઉ મહામંડળ દ્વારા તબક્કાવાર આંદોલનની રણનીતિ ઘડવામાં આવી હતી, જેના ભાગરૂપે ગત 5 ઓક્ટોબરે કર્મચારીઓએ સામૂહિક સીએલ પર ઉતરીને વિરોધ નોંધાવ્યો હતો. આ પ્રી-મેરેથોન વિરોધ બાદ પણ પ્રશ્નોનો કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા આજથી સત્તાવાર રીતે અચોક્કસ મુદતની હડતાળનું બ્યુગલ ફૂંકવામાં આવ્યું છે. કર્મચારીઓ દ્વારા કુલ ૧૪ જેટલી મહત્વપૂર્ણ અને પડતર માંગણીઓને લઈને સરકાર સામે મોરચો ખોલવામાં આવ્યો છે.

આ આંદોલનની મુખ્ય માંગણીઓમાં રેવન્યુ તલાટીઓના જોબ-ચાર્ટનો પેચીદો પ્રશ્ન વહેલી તકે ઉકેલવાનો તથા મહેસૂલ સિવાયના અન્ય વિભાગો દ્વારા સોંપવામાં આવતી બિનજરૂરી કામગીરી સંબંધિત વિભાગોને પરત સોંપવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૧૨માં નિમણૂક પામેલા નાયબ મામલતદારોને લાંબો સમય વીતી જવા છતાં હજુ સુધી પ્રમોશન ન મળ્યું હોવાનો રોષ પણ કર્મચારીઓમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે.

કર્મચારી વર્તુળોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, રેવન્યુ તલાટી, ક્લાર્ક અને નાયબ મામલતદારોની વરસીય પ્રવરતા યાદી તાત્કાલિક ધોરણે તૈયાર કરવાની માંગ કરાઈ છે. સાથે જ, વર્ષ ૨૦૧૫ના કારકુનોને મૂળ મહેકમમાં જગ્યાઓ ખાલી હોવા છતાં અન્ય જિલ્લાઓમાં કરાયેલી બદલીઓના આદેશો ત્વરિત રદ કરી તેમને મૂળ મહેકમમાં પરત લાવવાની માંગ પણ જોરશોરથી ઉઠાવવામાં આવી રહી છે.

દરમિયાન, આંદોલનને દબાવવા માટે સરકારી સ્તરે દબાણની નીતિ અપનાવાઈ રહી હોવાના ગંભીર આક્ષેપો પણ મહામંડળ દ્વારા કરવામાં આવ્યા છે. અમદાવાદ કલેક્ટર દ્વારા મહેસૂલી કર્મચારી મહામંડળના મહામંત્રી કૌશિકભાઈ સહિતના મુખ્ય હોદ્દેદારોની કરાયેલી બદલીના આદેશોને વખોડી, આ બદલીઓ તાત્કાલિક રદ કરવાની માંગ પણ આ આંદોલનનું એક મુખ્ય કેન્દ્ર બની રહી છે.

હડતાળના કારણે જમીન મહેસૂલ, પ્રમાણપત્રો અને અન્ય સરકારી સેવાઓ મેળવવા આવતા અરજદારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે વડોદરા મહેસૂલી કર્મચારી મંડળના પ્રમુખ રમેશ પટેલે જણાવ્યું હતું કે, જ્યાં સુધી અમારી ન્યાયી માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી અમારો આ સંઘર્ષ અવિરતપણે ચાલુ રહેશે. હવે આગામી દિવસોમાં રાજ્ય સરકાર આ પડતર પ્રશ્નોના ઉકેલ માટે શું નિર્ણય કરે છે અને આ હડતાળ કેટલા દિવસ ચાલે છે, તેના પર સમગ્ર વડોદરા જિલ્લાના નાગરિકો અને વહીવટી તંત્રની મીટ માંડ્યાઈ છે.



### કર્મચારીઓ હડતાલ પર, પણ વીજળીની 'મહેરબાની' ચાલુ !

"બિનજરૂરી લાઈટ-પંખા બંધ રાખો" - દિવાળીપુરા કલેક્ટર કચેરીની દીવાલો પર ચોંટાડેલા આ સૂત્રોચ્ચારવાળા બોર્ડ કદાચ માત્ર કાગળ પર જ શોભા વધારી રહ્યા છે. એક તરફ મહેસૂલી કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈને હડતાલ પર ઉતરી ગયા છે અને ખાખી-સફેદ ખુરશીઓ ખાલી ખમ છે, તો બીજી તરફ કચેરીની ખાલી ઓરડીઓમાં પંખા, ટ્યુબલાઈટ અને એસી આરામથી ફૂલ સ્પીડે ચાલુ જોવા મળ્યા હતા. એક સવાલ એ થાય કે, કર્મચારીઓ તો હડતાલના કારણે ગેરહાજર છે, તો પછી વીજળી બિલના વેડફાટની આ છૂટ કોના માટે આપવામાં આવી છે? કચેરીમાં તંત્રના નિયમોના ધજાગરા ઉડતા આ દ્રશ્યો જોઈને પ્રજાજનોમાં ચર્ચા જગાવી દીધી છે કે, અહીં કર્મચારીઓ હડતાલ પર છે, પણ સરકારી વીજળી જાણે કાયમ માટે અઘોષિત હડતાલ કે વેકેશન પર ઉતરી ગઈ છે.

### સતત બીજા દિવસે પણ સોશિયલ મીડિયા પર કટાક્ષ યથાવત

# વડોદરામાં શિક્ષણ સમિતિની ટિકિટ વહેંચણી બાદ ભાજપમાં આંતરિક વિરોધ ઉગ્ર બન્યો

**હવે** ભણેલા લોકોને જ સાથે રાખજો... સોશિયલ મીડિયા પર નારાજ કાર્યકરોના આક્રોશ વચ્ચે પ્રમુખે દોડધામ કરવી પડી




(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નામોની જાહેરાત થતાં જ વડોદરા ભાજપમાં ભારે અસંતોષ અને વિરોધનો વંટોળ ઊઠ્યો છે. શહેરના અલગ-અલગ વોર્ડમાં પક્ષના નિષ્ઠાવાન અને રોષે ભરાયેલા કાર્યકરો સોશિયલ મીડિયાથી લઈને રસ્તા પર આવીને પોતાનો આક્રોશ ઠાલવી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો સંગઠનમાં વર્ષોથી સમર્પિત કાર્યકર્તાઓ અને અમુક સમાજના પ્રતિનિધિઓ દ્વારા ભાજપના મોવડીમંડળ સામે ગંભીર આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

શિસ્તબદ્ધ ગણાતી ભારતીય જનતા પાર્ટીમાં શિક્ષણ સમિતિની ટિકિટોની વહેંચણી બાદ ભડકે બળેલો અસંતોષ બીજા દિવસે પણ શમવાનું નામ નથી લઈ રહ્યો. સોશિયલ મીડિયા પર નારાજ કાર્યકરો પોતાની ભડાશ કાઢી રહ્યા છે. કેટલાક રોષે ભરાયેલા કાર્યકરોએ તો સોશિયલ મીડિયામાં ખુલ્લેઆમ લખ્યું હતું કે, હવે રાજકીય રીતે પહોંચ ધરાવતા અને ભણેલા-ગણેલા લોકોને જ તમારી સાથે રાખજો, નાના અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓની તમને હવે જરૂર નથી, તો અમને પણ હવે તમારી જરૂર નથી. મંગળવારે વોર્ડ નંબર 14ના નારાજ કાર્યકરોએ વિરોધ દર્શાવી પક્ષમાંથી સામૂહિક રાજીનામાં આપવાની ચીમકી આપી હતી. આ કાર્યકરો વડોદરા ભાજપ કાર્યાલય કમલમ ખાતે પહોંચી રાજીનામું સોંપવાના હતા. સ્થિતિની ગંભીરતા સમજીને શહેર ભાજપ પ્રમુખ પણ તાત્કાલિક વોર્ડ નંબર 14 ના કાર્યકરોને મળવા દોડી ગયા હતા. જ્યાં તેમને અસંતોષી કાર્યકરોના ભારે આક્રોશનો સામનો કરવો પડ્યો હતો અને તેમની રજૂઆતો સાંભળવાની ફરજ પડી હતી. દરમિયાન, સતત બીજા દિવસે એટલે કે બુધવારે પણ આ વિરોધ વધુ તીવ્ર બન્યો હતો. શિક્ષણ સમિતિમાં મરાઠી અને સિંધી સમાજની સંપૂર્ણ ઉપેક્ષા કરવામાં આવી હોવાનો દાવો કરીને આ બંને સમાજના આગેવાનો અને કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મરાઠી સમાજના એક અગ્રણી આગેવાને આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં ભારતીય જનતા પાર્ટીનો સૌથી પહેલો કોર્પોરેટર જો કોઈ બન્યો હોય તો તે વડોદરા શહેરના દાંડિયા બજાર વિસ્તારમાંથી મરાઠી ઉમેદવાર જ બન્યા હતા. ત્યારબાદ બીજી સીટ પણ વાડી વિસ્તારમાંથી મરાઠી બંધુએ જ જીતીને પક્ષનો પાયો મજબૂત કર્યો હતો. આવા ઐતિહાસિક યોગદાન છતાં શિક્ષણ સમિતિમાં મરાઠી સમાજને એક પણ જગ્યા ન ફાળવવામાં આવતા સમાજમાં ભારે અન્યાયની લાગણી વ્યાપી છે. બીજી તરફ, સિંધી સમાજે પણ શિક્ષણ સમિતિમાં પોતાના સમાજને સ્થાન ન મળતા ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. સ્થાનિક કાર્યકર્તાઓએ મોવડીમંડળ પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, સંગઠનના ચોક્કસ નિયમો અને માન્યતાઓને બાજુએ મૂકીને ચોક્કસ લોકોને મેન્ડેટ આપી દેવામાં આવ્યા છે અને ટિકિટોની વહેંચણીમાં પક્ષપાત કરવામાં આવ્યો છે. હાલમાં વડોદરા ભાજપમાં શિક્ષણ સમિતિની પસંદગીને લઈને ઊભો થયેલો આ આંતરિક અસંતોષ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બને તેવી શક્યતાઓને નાકારી શકાતી નથી.

### ચૂંટણીમાં સેવા અમારી લીધી અને સમિતિમાં બહારના વકીલોને ગોઠવી દીધા! : લીગલ સેલના વકીલો

શિક્ષણ સમિતિમાં માત્ર સમાજ કે વોર્ડના કાર્યકરો જ નહીં, પરંતુ પક્ષના લીગલ સેલના વકીલોમાં પણ ભારે અસંતોષ વ્યાપ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની કે અન્ય સામાન્ય ચૂંટણીઓ વખતે કોઈ ભૂલ વગર ઉમેદવારોના મેન્ડેટ અને ફોર્મ ભરાય તે માટે લીગલ સેલના વકીલો વિના મૂલ્યે રાત-દિવસ સેવા આપતા હોય છે. છતાં શિક્ષણ સમિતિની પસંદગીમાં પક્ષ માટે સતત દોડધામ કરનાર આ પેનલના વકીલોને તિલાંજલિ આપી દેવાઈ છે અને બહારના વકીલોને સ્થાન આપી દેવાતા વકીલ આલમમાં તીવ્ર આક્રોશ ફેલાયો છે. આ મુદ્દે શહેર ભાજપ પ્રમુખ સુધી ઉગ્ર રજૂઆતો પહોંચી છે. સોશિયલ મીડિયા પર તીખી ટિપ્પણીઓ કરતા નારાજ વકીલો અને કાર્યકરોએ લખ્યું હતું કે, ચૂંટણી વખતે ફોર્મ ભરવા અમારી જરૂર પડે છે, પણ હવે ગ્રેજ્યુએટ લોકોને માત્ર પાથરણાં ઊંચકવા જ રાખજો, અમારી કોઈ જરૂર જ નથી! પક્ષ માટે વગર સ્વાર્થે કામ કરતા લીગલ સેલની આ પ્રકારે કરાયેલી ઉપેક્ષાથી સંગઠનમાં આંતરિક નારાજગી વધુ ઘેરી બની છે.

### અંદાજ કરતાં રૂ. ૧૮.૫૪ લાખ અને ૨૬.૬૦ લાખ સુધી પહોંચ્યો ખર્ચ

# સ્થાયીની બેઠક પહેલા વિવાદ: તળાવોમાં પાણી ભરવાના કામમાં ઊંચા ભાવ મંજૂર કરાશે?

**નવલખી,** હરણી અને દક્ષિણ ઝોનના કૃત્રિમ તળાવો માટે ભારતી કન્સ્ટ્રક્શન અને ખુશી એન્ટરપ્રાઇઝના ઊંચા ટેન્ડર રજૂ

**કયા કામમાં કેટલો ખર્ચ વધ્યો?**

**નવલખી-હરણી:** અંદાજ રૂ.21.81 લાખ, ભાવ રૂ.26.60 લાખ

**દક્ષિણ ઝોન:** અંદાજ રૂ.15.19 લાખ, ભાવ રૂ.18.54 લાખ

**બંને કામમાં:** અંદાજ કરતાં 22% વધુ ભાવ રજૂ થયા.

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગણેશોત્સવ દરમિયાન શ્રીજીની મૂર્તિઓના વિસર્જન માટે તૈયાર કરાયેલા કૃત્રિમ તળાવોના કામમાં અંદાજિત ખર્ચ કરતાં 22 ટકા વધુ ભાવ સામે આવ્યા છે. કૃત્રિમ તળાવોમાં પાણી ભરવા અને પાણીના સંગ્રહ માટે પ્લાસ્ટિક પાથરવાના કામના ઊંચા ભાવની દરખાસ્તો આગામી 9 ઓક્ટોબરે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી માટે રજૂ થશે.

ગણેશોત્સવ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં તૈયાર કરાયેલા કૃત્રિમ તળાવોમાં પાણી ભરવા તથા લીકેજ અટકાવવા પ્લાસ્ટિક પાથરવાની કામગીરી માટે ઈ-ટેન્ડરિંગ કરાયું હતું. તેમાં કોન્ટ્રાક્ટરો દ્વારા કોર્પોરેશનના અંદાજ કરતાં 22 ટકા વધુ ભાવ રજૂ કરાયા છે. બંને કામમાં મંજૂર રકમ ઉપરાંત GST અલગથી ચૂકવવાનો હોવાથી કોર્પોરેશનની તિજોરી પર વધારાનો બોજ પડશે.

નવલખી અને હરણી ખાતેના કૃત્રિમ તળાવોમાં પાણી ભરવા તથા પ્લાસ્ટિક પાથરવાના કામ માટે કોર્પોરેશને રૂ.21.81 લાખનો અંદાજ મૂક્યો હતો. તેની સામે 'ભારતી કન્સ્ટ્રક્શન' દ્વારા રૂ.26.60 લાખનું ભાવપત્રક રજૂ કરાયું છે, જે અંદાજ કરતાં 22 ટકા વધુ છે.

દક્ષિણ ઝોનના કૃત્રિમ તળાવમાં પ્લાસ્ટિક પાથરવા માટે રૂ.15.19 લાખનો અંદાજિત ખર્ચ નક્કી કરાયો હતો. તેની સામે 'ખુશી એન્ટરપ્રાઈઝ' દ્વારા રૂ.18.54 લાખનું ભાવપત્રક રજૂ કરાયું છે. આમ, આ કામમાં પણ અંદાજ કરતાં 22 ટકા વધુ રકમ ચૂકવવાની થાય છે. બંને કામના ઊંચા ભાવની દરખાસ્તોને 9 ઓક્ટોબરની સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી મળે છે કે નહીં તેના પર હવે નજર રહેશે.

# રિક્ષા ચાલકો પર દંડની કાર્યવાહીથી યુનિયનની ન્યાયિક લડતની ચીમકી

**બેફામ** પરમિટથી ટ્રાફિકની સમસ્યા વધી, રિક્ષા ચાલકો અર્ધબેરોજગારી તરફ ધકેલાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં ઓટો રિક્ષાની સંખ્યા નિયંત્રણ વગર વધી રહી હોવાથી ટ્રાફિક સમસ્યા વકરી રહી છે અને રિક્ષાચાલકો પણ અર્ધબેરોજગારીનો સામનો કરી રહ્યા હોવાનો આક્ષેપ વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયને કર્યો છે.

વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયન પ્રમુખ બિલાલ પરમારના જણાવ્યા મુજબ, શહેરની ટ્રાફિક ક્ષમતા, ઉપલબ્ધ રિક્ષા સ્ટેન્ડ, મુસાફરોની જરૂરિયાત અને માર્ગ વ્યવસ્થાને ધ્યાને લઈ વૈજ્ઞાનિક નીતિ નક્કી કરવા વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. છતાં સરકારનો અભિગમ એવો છે કે રિક્ષા રોજગારીનું માધ્યમ હોવાથી સંખ્યા નિયંત્રણની જરૂર નથી. યુનિયનનું કહેવું છે કે વડોદરામાં 80 હજારથી વધુ પરમિટ અપાઈ છે, જ્યારે માત્ર 600 રીક્ષા પૂરતા સ્ટેન્ડ ઉપલબ્ધ છે. પરિણામે ચાલકો મુસાફરો લેવા-મૂકવા રસ્તા પર ઊભા રહેવા મજબૂર બને છે અને પછી તેમની સામે જ MV એક્ટની કલમ 177 હેઠળ દંડ અને 207 હેઠળ વાહન જપ્તીની કાર્યવાહી થાય છે. સતત વધતી સંખ્યાને કારણે હરીફાઈ વધી છે. અનેક ચાલકો લોન-હપ્તા પર રિક્ષા લાવ્યા છે, પણ આવક ઘટતા હપ્તા, વીમો અને દસ્તાવેજોનો ખર્ચ કાઢવો મુશ્કેલ બન્યો છે. એક તરફ રોજગારીના નામે બેફામ પરમિટ અને બીજી તરફ પાર્કિંગ-સ્ટેન્ડ વગર કડક પોલીસ કાર્યવાહી, આ બેવડી નીતિ વચ્ચે સુસંગતતા લાવવી જરૂરી છે, તેમ યુનિયને જણાવ્યું હતું. પોલીસ અને સંગઠનો વચ્ચે સંકલિત નીતિ બનાવો. જો યોગ્ય ઉકેલ નહીં આવે તો કાનૂની સલાહ લઈ હાઈકોર્ટમાં જવાની ચીમકી પણ યુનિયને ઉચ્ચારી છે.

### બાલાજી ગ્રુપની બેદરકારીનો વધુ એક નમૂનો

# હરણી-વારસિયા રોડ પર બાલાજી સાઈટમાં કરંટ લાગતા એકનું મોત

**બેઝમેન્ટમાં** પાણી ભર્યું હોવા છતાં વાયરિંગ કામ ચાલુ રખાયું

**બિલ્ડરે** પોલીસને જાણ પણ ન કરી



(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા શહેરના હરણી-વારસિયા રોડ પર બાલાજી ગ્રુપ દ્વારા બનતી બહુમાળી ઈમારત ફરી એકવાર વિવાદમાં આવી છે. નિર્માણાધીન ઈમારતના બેઝમેન્ટમાં વાયરિંગનું કામ કરતી વખતે 38 વર્ષીય યુવકને ગંભીર વીજ કરંટ લાગતા તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ મૃતકનું નામ મનહરભાઈ બારીયા છે. તેઓ બેઝમેન્ટમાં વાયરિંગનું કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક વીજ કરંટ લાગ્યો હતો. સ્થાનિક જયેશભાઈના જણાવ્યા મુજબ, બેઝમેન્ટમાં પાણી ભરાયેલું હોવા છતાં બિલ્ડર દ્વારા સલામતીના સાધનો વિના કામગીરી ચાલુ રાખવામાં આવી હતી, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાની ચર્ચા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત મનહરભાઈને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક મનહરભાઈ નાસી પરિવારમાં એકલા કમાનાર હતા. તેમના પર પત્ની અને બે નાના બાળકોની જવાબદારી હતી. તેમના અકાળે અવસાનથી પરિવાર નિરાધાર બની ગયો છે.

આ ઘટનાથી મજૂરોમાં પણ ભારે રોષ ફેલાયો છે. ચોંકાવનારી બાબત એ છે કે, ઘટના બાદ બિલ્ડર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી ન હતી. ખાનગી હોસ્પિટલ દ્વારા 112 પર જાણ કરાતા સમગ્ર મામલો બહાર આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, બાલાજી ગ્રુપની આ સાઈટ પર અગાઉ પણ બેદરકારીના અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. સ્થાનિક રહેવાસી જયેશભાઈ ઓડે આક્ષેપ કર્યો છે કે, બિલ્ડરની સતત નિષ્કાળજીના કારણે જ આવા બનાવો બને છે અને જવાબદાર તંત્ર દ્વારા બિલ્ડરને છાવરવામાં આવી રહ્યો છે.